# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 04-12-2021 સવારે : 7.00 થી 7.10

- ✓ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદના નગરજનોને 711 કરોડના વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્તની ભેટ અર્પણ કરી.
- ✓ કોરોનામાં જે નાગરિકોના મૃત્યુ થયા છે તેમના વારસદારોને સત્વરે સહાય મળે તે માટે રાજ્ય સરકારે મોબાઈલ ફ્રેન્ડલી ઓનલાઈન પોર્ટલ શરૂ કર્યું.
- ✓ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ વિજેતા નીરજ ચોપરા આજે અમદાવાદમાં સંસ્કરધામમાં યુવા ખેલાડીઓ અને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે.
- ✓ ભારતીય તટરક્ષક દળે ભારતીય જળસીમામાંથી બે બોટ સહિત 18 પાકિસ્તાની માછીમારોની ધરપકડ કરી.
- ✓ ઉનાના નવા બંદરે લાપત્તા થયેલા આઠ માછીમારોમાંથી પાંચના મૃતદેહો મળી આવ્યા. ત્રણ માછીમારોની શોધખોળ ચાલી રહી છે.
- ✓ રાજ્યમાં ગઇકાલે કોરોનાના નવા 45 કેસ નોંધાયા – ત્રણ લાખ 90 હજાર 154 વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે અમદાવાદના નગરજનોને ૭૧૧ કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમૂહૂર્તની ભેટ અર્પણ કરી હતી.

જેમાં ૫૨૧ કરોડના ૨૧ પ્રજાલક્ષી કામોના લોકાર્પણ અને 190 કરોડના ખર્ચે ૧૩ જનહિતલક્ષી કાર્યોનું ખાતમૂહુર્તનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરાયેલા વિવિધ વિકાસ પ્રકલ્પોમાં એ ઇ-બસો નું લોકાર્પણ ટકાઉ વિકાસના નિર્ધારને વેગવંતુ બનાવશે તેવો ભાવ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. લોકાર્પણ કરાયેલ વિવિધ વિકાસ કાર્યોમાં વિક્ટોરિયા ગાર્ડન નું રીડેવલપમેન્ટ અને ૧૦૦ કરોડ ના ખર્ચે વિકસાવેલી ૬૦ નવી બી.આર.ટી.એસ. બસ અને ચાર્જિંગ સ્ટેશનને પણ નગરજનોની સેવામાં ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

આ વિકાસ કાર્યોમાં અમદાવાદ શહેરના નરોડા અને નિકોલ વિસ્તારમા નવા બે ફાયર સ્ટેશનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીના વરદ હસ્તે પી.એમ. સ્વનિધી યોજનાના લાભાર્થીઓને પ્રતિક રૂપે સહાય વિતરણ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે હેરિટેજ સિટી અમદાવાદથી અવગત કરાવતી 'સ્માર્ટ હેરિટેજ મોબાઈલ' એપનુ લોન્ચીંગ અને અમદાવાદ શહેર વિષે મહત્વની માહિતી આપતા કેટલોગનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

.................

કોરોનાના કારણે રાજયમાં જે નાગરિકોના મૃત્યુ થયા છે તેમના વારસદારોને સત્વરે સહાય મળી રહે એ માટે રાજયસરકારે મોબાઈલ ફ્રેન્ડલી ઓનલાઈન પોર્ટલ તૈયાર કર્યુ છે.

ગઇકાલે ગાધીનગરથી આ મોબાઈલ ફ્રેન્ડલી ઓનલાઈન પોર્ટલનું લોન્ચીંગ કરતા મહેસૂલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ કહ્યું કે, આ પોર્ટલ દ્વારા વારસદારોને સત્વરે સહાય મળશે અને કચેરીઓમા જવાનો સમય બચશે અને સહાય તેમના બેંક એકાઉન્ટમા સીધી જમા થશે.

આ પોર્ટલ ઉપર મૃતકનું મરણ પ્રમાણપત્ર અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ પ્રમાણે Covid -19 ના કારણે મૃત્યુના કોઇ પણ એક આધાર જેવા કે RTPCR, Molecular ટેસ્ટ રિપોર્ટ , તબીબી સારવારના આધાર, ફોર્મ 4 અથવા 4-A અપલોડ કરવાના રહેશે.

તેમણે કહ્યુ કે,આ સિવાય વારસદારોનું સંમતિ દર્શાવતું સોગંદનામું અને બેંક ખાતાની વિગતો અપલોડ કરી ઓનલાઇન અરજી કરી શકાશે અને કરેલ અરજી અન્વયે દિન-૩૦માં સહાયની રકમ સીધી જ વારસદારના બેંકખાતામાં જમા કરવામાં આવશે . અત્રે ઉલ્લેખનીય છે કે હાલ જે રીતે અરજીઓ સ્વીકારવામા આવે છે એ પ્રક્રિયા ચાલુ રહેશે.

.................

ટોકિયો ઓલિમ્પિક્સમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીતીને ઇતિહાસ સર્જનાર ખેલાડી નીરજ ચોપરા આજે અમદાવાદમાં સંસ્કારધામની મુલાકાત લેશે. ભાલા ફેંકના આ સ્ટાર ખેલાડીએ એથ્લેટિક્સમાં ભારતને પ્રથમ સુવર્ણ ચંદ્રક જીતવાનું બહુમાન અપાવ્યું છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના અનુરોધ પર યોજાનારા આ કાર્યક્રમમાં નીરજ ચોપરા સંસ્કારધામ ખાતે ગુજરાતમાંથી પસંદ કરાયેલા વિધાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. સંસ્કારધામ શૈક્ષણિક સંકુલના નિયામક શ્રી હિરેન પરીખે જણાવ્યું કે, યુવા ખેલાડીઓ અને વિદ્યાર્થીઓ સાથેના આ વાર્તાલાપમાં નીરજ ચોપરા સંતુલિત આહારના મહત્વ અને રમતગમત અંગેના પોતાના અનુભવો જણાવશે.

સંસ્કાર ધામ સંકુલમાં કેમ્પસ ઇન્ચાર્જ શ્રી બી.વી.મહેશ્વરીએ જણાવ્યું કે, આ કાર્યક્રમમાં રાજ્યની 75 સ્કૂલના 250થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેશે. શ્રી મહેશ્વરીએ વધુ માહિતી આ રીતે આપી.

(બાઈટ – બી.વી.મહેશ્વરી)

.................

ભારતીય તટરક્ષક દળે ભારતીય જળસીમામાંથી બે બોટ સહિત ૧૮ પાકિસ્તાની માછીમારોની ધરપકડ કરી છે.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધિના જણાવ્યા મુજબ ગઇકાલે ભારતીય જળસીમામં પાકિસ્તાની બે બોટો માછીમારી કરતી હોવાની માહિતી ભારતીય તટરક્ષક દળને મળી હતી. જેથી કોસ્ટ ગાર્ડની ફાસ્ટ પેટ્રોલ વેસલ અરિંજય તુરંત જ સ્થળે પહોચીને બંને બોટમાં રહેલા ૧૮ માછીમારોને ઓખા લાવવામાં આવ્યા છે. તમામ માછીમારોની પુછપરછ શરૂ કરવામાં આવી છે.

.................

ઉનાના નવાબંદર ગામે દરિયા કિનારે ભારે પવન સાથે તોફાન સર્જાતા આઠ માછીમારો દરિયામાં લાપત્તા થયા હતા.

તેમાંથી ગઈકાલે બપોરે ચાર માછીમારોના મૃતદેહ મળી આવ્યા છે. એક મૃતદેહ ગતરાત્રિએ મળી આવ્યો હતો. આમ, કુલ પાંચ માછીમારોના મૃતદેહો મળી આવ્યા છે. હજુ ત્રણ લાપત્તા માછીમારોને શોધવા માટે તંત્રએ પ્રયાસો શરૂ કર્યા છે.

દરમિયાન ગઇકાલે નવા બંદરે સાંસદ રાજેશભાઈ ચુડાસમા અને જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંગ પરમારે માછીમારોની સમસ્યા અને રજૂઆતો સાંભળી હતી. અને વહેલી તકે મદદરૂપ થવા આશ્વાસન આપ્યું હતું.

.................

રાજ્યમાં ગઇકાલે કોરોનાના નવા 45 કેસ નોંધાયા છે. ત્રણ લાખ 90 હજાર 154 વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. એક વ્યક્તિનું મોત નિપજ્યું છે.

રાજ્યના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર 98.74 ટકા રહ્યો છે. ગઇકાલે 45 દર્દીઓ કોરોના મુક્ત થતાં ઘરે પરત ફર્યા છે.

રાજ્યમાં કુલ 318 એક્ટિવ કેસ છે. જેમાંથી આઠ દર્દીઓ વેન્ટીલેટર ઉપર છે. અને 310 દર્દીઓની સ્થિતિ સ્થિર છે.

ગઇકાલે અમદાવાદ શહેરમાં 15, સુરતમાં છ, વડોદરામાં પાંચ, આણંદ અને વડોદરા જિલ્લામાં ત્રણ – ત્રણ, નવસારી, રાજકોટ શહેર અને વલસાડમાં બે –બે, ભાવનગર, ગાંધીનગર, જામનગર, ખેડા, મહેસાણા, પોરબંદર અને સુરતમાં એક-એક કોરોનાના નવા કેસ નોંધાયા છે.

................

રાજ્ય સરકારના કમિશનર ,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારના ખર્ચે ૧ (એક) દિવસની "ગુજરાત આરોહણ-અવરોહણ સ્પર્ધા " જાન્યુઆરી-૨૦૨૧ માં ગીરનાર-જુનાગઢ ખાતે યોજવામાં આવનાર છે.

માત્ર એવા યુવક-યુવતીઓ કે જેઓ તા.૩૧/૧૨/૨૦૨૧ ના રોજ ૧૪ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેવા અને આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

................

રાજય સરકારના આરોગ્ય વિભાગ હસ્તક ફરજો બજાવતા અધિકારી-કર્મચારીઓએ બદલી માટે હવે ઓનલાઈન અરજી કરવાની રહેશે તે સિવાયની અરજીઓ ધ્યાને લેવાશે નહી એમ આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

બીજી ડિસેમ્બરથી તમામ અધિકારી કર્મચારીઓએ બદલીની અરજીઓ Arogyasathi.gujarat.gov.in માં કરવાની રહેશે . ઓનલાઈન મળેલ અરજીઓ ના આધારે જ બદલી અંગેના નિર્ણય કરવામાં આવશે જેથી તમામ કર્મીઓએ હવે ઓનલાઈન અરજી કરવાની રહેશે.

................

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ગઇકાલે અમદાવાદની દિવ્યાંગ જન શાળા તેમજ સદવિચાર પરિવાર સંચાલિત દિવ્યાંગ પૂર્નવસન કેન્દ્રના બાળકો-

યુવાઓએ વિશ્વ દિવ્યાંગ જન દિવસે ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાને મુલાકાત લીધી હતી.

વિશ્વભરમાં ત્રીજી ડિસેમ્બરને આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ જન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દિવ્યાંગ દિવસ અંતર્ગત આ બાળકો-યુવાઓ મુખ્યમંત્રીને મળ્યા હતા. શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ બાળકો-યુવાઓ સાથે લાગણીસભર સંવાદ કર્યો હતો

.................

પાટણની હેમચંન્દ્રાચાર્ય ગુજરાત યુનીવર્સીટી ધ્વારા આગામી સ્નાતક અનુસ્નાતકની પરીક્ષાઓ ઓનલાઇન લેવામાં આવે એવી રજુઆત પાટણના એન.એસ.યુ.આઇ. ધ્વારા કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે યુનીવર્સીટી તરફથી પરીક્ષા ઓફ લાઇન મોડ પર લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

.................

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ચાણસ્માના એન સી.સી.યુનિટ તરફથી ચાણસ્માથી મોઢેરા સૂર્યમંદિર સુધીની સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું.

.................

રાજયના શ્રમ આયુકતે જણાવ્યું છે કે, રાજ્યની ૧૦હજાર ૮૭૯ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદાન 19મી ડિસેમ્બરે યોજાનાર છે. ત્યારે જે તે વિસ્તારના શ્રમયોગીઓ-કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ખાસ રજા મંજૂર કરવાની રહેશે .કર્મચારીના પગારમાંથી કોઇ કપાત

કરવાની રહેશે નહીં , જે કોઇ માલિક જોગવાઇ વિરૂધ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે તેમ વધુમાં જણાવાયું છે.

.................

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ગાંધીનગર સ્થિત વાયુસેનાના દક્ષિણ-પશ્ચિમી વાયુ કમાનના એર ઓફિસર કમાંડિંગ ઇન ચીફ , એર માર્શલ વિક્રમસિંહ –VSMએ રાજભવન , ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી.

.................